હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ સંલગ્ન

ગાંધી આશ્રમ ઝીલીઆ સંચાલિત



# બાબુભાઈ મ. શાહ મહાવિદ્યાલય, ઝીલીઆ

## પ્રવેશ જાહેરાત : ૨૦૧૬-૨૦૧૭

## B.R.S. અભ્યાસક્રમની વિશેષતાઓ

**હેતુ :-**

આપણો દેશ ગામડાનો બનેલ છે. દેશની સિત્તેર (૭૦%) વસ્તી ગામડામાં વસે છે. તેમનો મુખ્ય વ્યવસાય કૃષિ અને પશુપાલન છે. ગ્રામોદ્યોગો તૂટી ગયા છે. તેથી ગ્રામીણ યુવાનોને તેમના પાયાના ઉદ્યોગોનું શિક્ષણ, પર્યાવરણ, આરોગ્ય, કૃષિ, પશુપાલન, વિસ્તરણ શિક્ષણ, પંચાયતી રાજ, ગ્રામઅર્થશાસ્ત્ર અને સહકારી પ્રવૃત્તિનું શિક્ષણ મળી રહે તે જરૂરી છે, ગ્રામસ્વચ્છતા અને આરોગ્યની જાળવણી માટે આરોગ્યનું પ્રાથમિક જ્ઞાન અને દેશી ઔષધીઓના ઉપયોગ વિશે વિદ્યાર્થીઓ માહિતગાર થાય તે જરૂરી છે.

વર્તમાન ઉચ્ચ શિક્ષણથી બેકારી સર્જાઈ છે. ગ્રામીણ યુવાનો સ્વાવલંબી બને, ગામડાઓની સમસ્યા સમજે, તેને ઉકેલવા શક્તિમાન બને તે હેતુથી આ મહાવિદ્યાલય શરૂ કરવામાં આવ્યું છે. આ મહાવિદ્યાલયમાં સેંકડો વિદ્યાર્થીઓએ અભ્યાસ કરી પોતાનું જીવન સમૃધ્ધ કર્યુ છે. ગામડાના વિકાસમાં ઉપયોગી થયા છે તેવો અમારો અનુભવ છે. આ મહાવિદ્યાલયમાં "ગ્રામવિદ્યા વિશારદ"(Bachelor of Rural studies)નો ત્રણ વરસનો (સ્નાતક) પદવી અભ્યાસક્રમ ચાલે છે. આ અભ્યાસક્રમને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ અને યુ.જી.સી. દ્વારા માન્યતા મળેલી છે. યુ.જી.સી.ના ધારાધોરણ મુજબ અમારી કોલેજે NAAC દ્વારા B ગ્રેડ પ્રાપ્ત કરેલ છે.

**બી.આર.એસ.માં જોડાવા માટેની પ્રવેશ લાયકાત :-**

- કોઈપણ પ્રવાહમાં ધોરણ-૧૨ પાસ ઓછામાં ઓછા ૪૦% મેળવેલ વિદ્યાર્થી પ્રવેશ મેળવી શકે છે. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ મારફત કેન્દ્રીય પ્રવેશ પદ્ધતિથી પ્રવેશ આપવામાં આવશે.
- એસ.સી., એસ.ટી., બક્ષીપંચ માટે સરકારશ્રીના અનામતની જોગવાઈ મુજબ પ્રવેશ આપવામાં આવશે.
- હેલ્પ લાઈન નં.(૦૨૭૩૪) ૨૮૮૩૪૭, કેશુભાઈ રાવત ૯૪૦૮૪૧૫૪૯૫
- ધો. ૧૨ના પરિણામ પછી યુનિવર્સિટીની જાહેરાત પ્રમાણે ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાના રહેશે.

**મહાવિદ્યાલયમાં ઉપલબ્ધ સુવિધાઓ :-**

- વિદ્યાર્થીઓને રહેવા-જમવાની હોસ્ટેલની સુવિધા.
- બાર હજાર પુસ્તકોથી સમૃધ્ધ લાયબ્રેરી અને વિશાળ વાંચનાલયની સુવિધા.
- જે તે વિષયના ૨૦ વર્ષથી વધારે અનુભવી અને નિષ્ણાંત અધ્યાપકો દ્વારા શિક્ષણ કાર્ય અને દરેક વિદ્યાર્થીનું વ્યક્તિગત ધ્યાન અને કારકિર્દી માર્ગદર્શન.
- સવાર-સાંજની પ્રાર્થના માટે વિશાળ પ્રાર્થના મંદિર.
- ઈન્ટરનેટ સહિત અધતન કમ્પ્યુટર લેબ.
- બાયસેગ-સંધાન દ્વારા લેકચરર્સ, પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા શિક્ષણ કાર્ય.
- પશુપાલનની સઘન તાલીમ અને શિક્ષણ માટે આદર્શ ગૌશાળા.
- વર્મિકંપોસ્ટ અને વર્મીકલ્ચર ઉત્પાદન નિદર્શન અને પ્રદર્શન.
- હોર્ટિકલ્ચર અને મેડિસીન પ્લાન્ટ ગાર્ડન.
- મુખ્ય વિષયની પ્રત્યક્ષ તાલીમ અને સમૂહ જીવનની તાલીમના અનુભવ માટે શિક્ષણ નિવાસ અને કેન્દ્ર નિવાસ.
- રમત-ગમતનું વિશાળ મેદાન.
- સંસ્થામાં બેંક, એટીએમ. પોસ્ટ ઓફિસ, ખાદી-વસ્તુ ભંડાર, દવાખાનાની સુવિધા.
- એગ્રોનોમી, પશુપાલન અને વિસ્તરણ શિક્ષણના અલગ વિભાગો.
- સરકારશ્રીના ધારા ધોરણ મુજબ પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ અને ફુડ બીલ સહાય.
- કૃષિ, પશુપાલન અને રસાયણ શાસ્ત્રની અધતન લેબોરેટરી.
- દુધ સાગર ડેરી સહયોગથી પ્રાથમિક પશુસારવાર અને કૃત્રિમ બીજદાન તાલીમ કેન્દ્ર.
- પાક ઉત્પાદન-પાક નિદર્શન પ્રદર્શન માટે વિશાળ કૃષિ ફાર્મ.
- ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિ. CCC કમ્પ્યુટર સેન્ટર.

**મહાવિદ્યાલયની વિશેષ પ્રવૃત્તિઓ :-**

- રાષ્ટ્રીય તહેવારો, ઉત્સવો, સાહિત્યકારો, દેશ નેતાઓ, વૈજ્ઞાનિકોની જન્મ જયંતી-પૂણ્યતિથીઓ, મહત્ત્વના આંતરરાષ્ટ્રીય દિવસોની ઉત્સાહભેર ઉજવણી.
- કોલેજ દ્વારા ખાસ કેમ્પસ ઈન્ટરવ્યુની વ્યવસ્થા.
- દર વર્ષે બાયફ, સૃષ્ટિ અમદાવાદ, વિકસત, આગાખાન ફારમર એગ્રો.સીડસ, રીશી.સીડસ.ના કેમ્પસ ઈન્ટરવ્યુની વ્યવસ્થા.
- રેડરીબન કલબ, ઈકો કલબ, ઉદીશા કલબ દ્વારા વિદ્યાર્થીઓને સંપૂર્ણ માર્ગદર્શન.
- શૈક્ષણિક મુલાકાતો, પ્રવાસ, ખેડૂત શિબિર, ગ્રામ સફાઈ શિબિર, એન.એસ.એસ. શિબિર, પર્યાવરણ શિબિર, યુવા શિબિર વગેરે દ્વારા વિદ્યાર્થીનું વ્યક્તિત્વ વિકાસ અને ઘડતર.
- રમત-ગમત, સાંસ્કૃતિક કાર્યક્રમો, યુનિવસિર્ટી કક્ષાની વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવાની ઉત્તમ તક.
- દર વર્ષે કોલેજનું ૧૦૦% પરિણામ.

**બી.આર.એસ.નો અભ્યાસ કર્યા પછી ઉચ્ચ અભ્યાસક્રમમાં સોનેરી તકો :-**

- બી.આર.એસ.(સ્નાતક) કક્ષા)નો અભ્યાસક્રમ પૂર્ણ કર્યા પછી એમ.આર.એસ.(M.R.S.), એમ.એસ.ડબલ્યુ.(M.S.W.), એમ.આર.એમ.(M.R.M.), એચ.આર.એમ.(H.R.M.), એમ.બી.એ.(M.B.A.), એલ.એલ.બી.(L.L.B.), એમ.એ.(M.A.), બી.એડ્.(B.ed.), પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મિલ્ક માર્કેટીંગ એન્ડ મેનેજમેન્ટ જેવા ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં ઉજ્જવળ તકો રહેલી છે.

**બી.આર.એસ.નો અભ્યાસક્રમ પૂર્ણ કર્યા પછી વ્યવસાયિક તકો :-**

- આ અભ્યાસક્રમ બી.એ. સમકક્ષ હોવાથી તેમને મળતી તકો તો ખરી જ તે ઉપરાંત નીચેની વિશેષ તકો રહેલી છે.
- ગ્રામસેવક માટે સ્પેશીયલ બી. આર. એસ. ડિગ્રીની માન્યતા.
- ખેતી નિયામક અધિકારી, નાયબ ખેતી નિયામક અધિકારી.
- જમીન સંરક્ષણ અધિકારી, જળ સંરક્ષણ અધિકારી.
- વિસ્તરણ અધિકારી, વનસંરક્ષણ અધિકારી.
- ડેરી ઉદ્યોગ, સહકારી પ્રવૃત્તિ, સીડસ કંપનીઓ, રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ બનાવતી કંપનીઓમાં સુપરવાઈઝર, ફિલ્ડ ઓફિસર, ફિલ્ડ વર્કર.
- જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ડ્રીસ્ટીકટ રૂરલ ડેવલપમેન્ટ એજન્સી, ગુજરાત સ્ટેટ વોટર શેડ ડેવલપમેન્ટ એજન્સી, સરકારી એજન્સીઓ, એન.જી.ઓ. વાસ્મો, ઈકોલોજી કમિશનમાં પ્રોજેક્ટ ઓફિસર, સુપરવાઈઝર, કાઉન્સેલર, ફિલ્ડ વર્કર.
- ઉચ્ચ શિક્ષણમાં શિક્ષક, અધ્યાપક બનવાની ઉત્તમ તક.
- બાયફ, સૃષ્ટિ અમદાવાદ, વિકસત, આગાખાન, ફારમર એગ્રો.સીડસ, રીશી સીડસ, એનાર્ડે ફાઉન્ડેશનમાં રોજગારીની તકો.
- સરકારી તેમજ પ્રાઈવેટ ખેતી ફાર્મમાં રોજગારીની તકો.
- સમાજ કલ્યાણ અધિકારી, સમાજ સુરક્ષા અધિકારી.
- બાગાયત નિયામક અધિકારી, નાયબ બાગાયત નિયામક અધિકારી.
- રાષ્ટ્રીય કૃત બેંકોમાં રીકવરી ઓફિસર અને મેનેજર બનવાની તક.

**શ્રી માલજીભાઈ દેસાઈ**
**નિયામક**
**બાબુભાઈ મ. શાહ મહાવિદ્યાલય, ઝીલીઆ**

**શ્રી દલસુખભાઈ વસાવા**
**I/c. આચાર્ય**
**બાબુભાઈ મ. શાહ મહાવિદ્યાલય, ઝીલીઆ**